**ગાંધીનગર તાપમાન**


મહત્તમ : ૩૯.૦ ડીગ્રી
લઘુતમ : ૨૭.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૩૨ ટકા

# શહેરીજનોમાં ક્વૉરોન્ટાઈન થીમ પર ઓનલાઈન હાઉસી રમવાનો ક્રેઝ

ગાંધીનગર, તા.૧૭


લૉકડાઉનના સમયમાં માઈન્ડ ફ્રેશ કરવું તેવું તજજ્ઞો દ્વારા જણાવવામાં આવી રહ્યું છે. જેના માટે શહેરીજનો અલગ-અલગ તરકીબો અપનાવી રહ્યા છે. હાલ ઘરની બહાર નીકળી શકાય તેવી કોઈ જ સિચ્યુએશન નથી ત્યારે શહેરીજનો ઘરે જ રહીને યોગા મેડીટેશન એક્સરસાઈઝ કરીને ઉપરાંત નવી નવી વાનગી બનાવીને સમય પસાર કરી રહ્યા છે. આ ઉપરાંત પરિવારજનો સાથે બેસીને અલગ-અલગ ઈન્ડોર ગેમ્સ એન્જોય કરી રહ્યા છે આમ તો લુડો પારિવારિક ગેમ તરીકે હોટ ફેવરિટ છે પરંતુ હાલ ઓનલાઈન હાઉસી ટ્રેન્ડમાં છે. ફ્રી સમયમાં શહેરીજનો પોતાના પરિવાર તથા મિત્રો સાથે ઓનલાઈન કનેક્ટ થઈ હાઉસી રમી રહ્યા છે. ઈન્ડોર ગેમ્સનું ઓનલાઈન વર્ઝન સૌ કોઈને પસંદ આવી રહ્યું છે. હાઉસી ગેમ નંબર પર આધારિત છે. જેમાં એક નંબર બોર્ડ હોય છે અને દરેક પ્લેયરને નંબર સાથેની ટિકિટ આપવામાં આવે છે આ ટિકિટ ખરીદવી પડે છે જીતનાર માટે આ નંબર જલ્દી પુરા થાય તે માટેની અમુક કન્ડીશન રાખવામાં આવેલી હોય છે પોતાની ટિકિટમાં જલ્દી નંબર પુરા થાય તેને કેટેગરી વાઈઝ નંબર આપવામાં આવે છે અને હાલ તેમાં **quarantine** થીમ હોટ ફેવરિટ છે. જેમાં **isolation** (4 **croners**) સેલ્ફ **senitaized** (ક્વિક ૫) **Tempreture** (ટિકિટમાં સૌથી નાનો અને મોટો નંબર) લોક ડાઉન ( પેહલા કોલમ અને છેલ્લી લાઈન) હાઈ **immunity** (જવાની) લો **immunity** (બૂઢા પા), વર્લ્ડ લોક ડાઉન, ઈન્ડિયા લોક ડાઉન, સેલ્ફ ફેમિલી લોક ડાઉન જેવા નામ આપવામાં આવી રહ્યા છે અને જીતનારને ખરીદેલી ટીકીટમાંથી આવનાર કેશમાંથી જ ઓનલાઈન પ્રાઈઝ કેશ અપાય છે.










## સેક્ટર-૧૧ના સહયોગ સંકુલથી કોર્ટ સંકુલ સુધી સિક્યોરિટીમાં ફરજ બજાવતા સહયોગ સંકુલના પ્રકાશ બ્રહ્મભટ્ટનું કિડિયારું પુરવાનું ઉમદા કાર્ય

ગાંધીનગર, તા.૧૭

લૉકડાઉનના સમયમાં પણ કિડિયારું પુરવાનું ઉમદા અને સેવાકીય કાર્ય ગાંધીનગરના સેક્ટર-૧૧માં આવેલા સહયોગ સંકુલમાં ખાનગી એજન્સીમાં સિક્યોરીટીમાં ફરજ બજાવતા શ્રી પ્રકાશ બ્રહ્મભટ્ટ (મહારાજા) કરી રહ્યા છે.

સેવાભાવી જીવ ધરાવતા પ્રકાશ બ્રહ્મભટ્ટ ગાંધીનગર જિલ્લા કક્ષાની કચેરીઓ માટે બનાવેલ સહયોગ સંકુલમાં સિક્યોરીટીમાં ફરજ બજાવે છે. તેમની સેવાકીય અને સૌ કોઈને મદદ થવાની ઉમદા ભાવનાના કારણે તેઓ સંકુલમાં મહારાજાના હુલ્લામણા નામે ઓળખાય છે.

તેઓ લૉકડાઉનના સમયમાં પણ પોતાનું કિડિયારું પુરવાનું કામ એકપણ દિવસ ચૂક્યા નથી. તેઓ નિયમિત રીતે સવારના ૮.૦૦ કલાકે ગાંધીનગર સહયોગ સંકુલમાં ફરજના સમય કરતાં થોડાક વહેલા આવી જાય છે. ઘરેથી કીડી-મકોડા અને પક્ષીઓને વધુ ભાવે તેવા લોટ, ખાંડ કે અન્ય ખાદ્ય ચીજ વસ્તુઓ લઈ આવે છે. પોતાની ફરજ ચાલું થાય તે પહેલા સમગ્ર સહયોગ સંકુલની દિવાલે દિવાલે અને ઝાડે ઝાડે જયાં નાનાકડા જીવોનો વસવાટ છે ત્યાં કિડિયારું પુરવાનું કામ કરે છે.



મહારાજા સાથે વાત કરતાં તેમણે જણાવ્યું હતું કે, લૉકડાઉનના સમયમાં શ્રમિકો, ગરીબ પરિવારો માટે જમવાની રહેવાની સુવિધાઓ થઈ ગઈ છે. તેમજ કૂતરા અને અન્ય જીવોને પણ લોકો બિસ્કીટ, રોટલી કે અન્ય ખોરાક નાખે છે. પણ કડી, મકોડા અને પક્ષીઓનો ખોરાકનું શું પહેલા હું માત્ર સહયોગ સંકુલના ફરતે જ આ કામ કરતો હતો. પરંતુ લૉકડાઉન થતાં તમામ કચેરીઓ બંધ થઈ ગઈ હતી. જેથી મને એક દિવસ વિચાર આવ્યો કે મહાનગરપાલિકા અને કોર્ટ સંકુલમાં કિડિયારું પુરવાનું કામ કરવું પડશે. આ કામ માટે મને અનેક કર્મયોગીઓ દ્વારા લોટ, બિસ્કીટ, બ્રેડ જેવી વસ્તુઓ આપવામાં આવે છે. કેટલાય સરકારના અધિકારીઓ અને કર્મચારીઓને મારી આ ઉમદા સેવાકીય કામની ખબર પડતી ગઈ તેમ તેમણે મને કંઈ જરૂર હોય તો કહેજો, મહારાજા તેવું કહી મારા કામને પ્રોત્સાહન આપ્યું છે.

લૉકડાઉનથી આજ દિન સુધી હું નિયમિત રીતે સહયોગ સંકુલ, એમ.એસ.બિલ્ડીંગ અને કોર્ટ સંકુલ સુધી સવારના ફરી ફરીને કિડિયારું પુરું છું. હાલમાં કયારેક લોટ ન મળે તો બ્રેડને મસળીને કીડીઓના ખોરાક રૂપ નાખું છું. બસ, સાહેબ આમ તો કીડી – મકોડા માટે આપણા જેવા વ્યક્તિઓની ટિફિનમાંથી વધેલું એક કોળિયા જેટલું ધાન્ય પણ ઘણું થઈ જાય છે. આવા સમયે આ કામ કરતા મને ઘણો આનંદ અને સંતોષ થાય છે.

## કોરોના ઈફેક્ટઃ શહેરના રસ્તા સૂમસામ અને પેટ્રોલ પમ્પ ગ્રાહક વિહોણા

ગાંધીનગર, તા.૧૭

કોરોના ઈફેક્ટ શહેરમાં વર્તાઈ રહી છે. શહેરમાં કામ વગર વાહનોની અવરજવર પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. ઘરની બહાર શહેરીજનો કોઈ અર્જન્ટ કામ વગર નીકળતા જ નથી સાથે શાકભાજી અને ફ્રુટની લારી દરેક સેક્ટરમાં ફરે જ છે એટલે શાકમાર્કેટમાં જવાની પણ જરૂર નથી. મોટાભાગની સરકારી ઓફિસો હાલ બંધ છે. પ્રાઈવેટ વર્ક કરનાર વર્ક ફ્રોમ હોમ કરી રહ્યા છે. ધંધા રોજગાર લગભગ બંધ છે સવાર અને સાંજ દૂધ અને કરિયાણું ઘર પાસેથી જ મળી રહે છે. જેથી શહેરીજનોને ક્યાંય જવું જ પડતું નથી. ઘણાના વાહન તો લોક ડાઉનથી લઈને હજુ સુધી પાર્કિંગમાં જ પડ્યા છે જે હવે લોક ખુલે ત્યારે જ ઘરની બહાર નીકળશે ત્યારે શહેરના પેટ્રોલ ગ્રાહકો વગર સુના છે અને રસ્તા વાહનો કે માણસોની અવરજવર વગર ખાલી છે



જાણે એક જાતની વધુ પડતી શાંતિ છે કે ભેકાર એ ક્યારેક કળી શકાતું નથી.

શહેરમાં વાહનોની અવરજવર બંધ છે દિવસ દરમિયાન પોલીસ તથા મેડીકલ ક્ષેત્રે જોડાયેલા કર્મચારીઓ સાથે સેવા કર્યા કરતા શહેરીજનો સિવાય લગભગ ઈમરજન્સી હરકોઈ ઘરની બહાર નીકળતા જ નથી. જેથી શહેરના રસ્તા માણસો અને વાહનો વગર સુના છે તથા ટ્રાફિક સિગ્નલ પણ હવે એકલા સિગ્નલ આપે છે તેને ફોલો કરવા માટે રસ્તા પર જ કોઈ નથી વાહનોનો ઉપયોગ થતો ન હોવાથી નગરના પેટ્રોલ પંપ પર ભીડ જોવા મળતી જ નથી. શહેરના તમામ પેટ્રોલ પંપ પર એક સમયે એટલી ભીડ હોતી કે લાઈનમાં ઉભા રહીએ ત્યારે પાંચ દસ મિનિટ નંબર આવે અને હાલ જે જાય તેનો વારો આવી જ જાય છે. આ પરિસ્થિતિના કારણે શહેરના પેટ્રોલ પંપ ધારકોને ખોટનો સામનો કરવો પડી રહ્યો છે. નગર સ્થિત એચપી પેટ્રોલ પંપ (ઘ-૦) ના સુપરવાઈઝર બકતાવરસિંગના જણાવ્યા અનુસાર, સામાન્ય દિવસોમાં દરરોજ લગભગ છ હજાર લીટર જેટલા પેટ્રોલનું વેચાણ થતું હતું અને આ લોક ડાઉનના દિવસોમાં દરરોજ બસ્સો થી અઢીસો લિટર પેટ્રોલ માંડ વેચાય છે.

નગરમાં દરેક જગ્યાએ ટ્રાફિક સિગ્નલ તો ક્યારનાય લગાવાય ગયા છે અને શહેરીજનો તેનાથી ટેવાઈ પણ ગયા હતા લોક ડાઉન પહેલાંના પાછલા કેટલાક દિવસોમાં શહેરીજનો દરેક ટ્રાફિક સિગ્નલ પર થોભી થોભીને રસ્તો ક્રોસ કરતા હતા ત્યારે આજે શહેરમાં કોઈ જાતની હાલચલ જ ના હોવાથી ટ્રાફિક નહિવત છે. કહી શકાય ગાંધીનગર આ સમયમાં વાહન સાથે 'ટ્રાફિક ફ્રી' છે.

## લૉકડાઉનમાં બાળકોને ચોકલેટ્સ ખવડાવી આનંદિત કરતા કોંગ્રેસ અગ્રણીઓ





ગાંધીનગરના મીનાક્ષી મેમોરિયલ ટ્રસ્ટ પરિવાર વતી આજ રોજ ગાંધીનગર મહાનગરપાલિકાના તમામ વોર્ડમાં કોર્પોરેટર્સ તથા કોંગ્રેસના વોર્ડ પ્રમુખોને તેમના વિસ્તારમાં આવેલા આવેલ ઝુંપડપટ્ટી વિસ્તારના નાના બાળકોને વોર્ડ દીઠ મોટી સંખ્યામાં ફાઈવસ્ટાર ચોકલેટ બોક્સનું તથા ક્રીમ ફલેવર વાળી વેફરના બોક્સનુ વિતરણ કરવામાં આવ્યું હતું તથા અન્ય છેવાડાના વિસ્તારમાં રહેતા બાળકોને પણ આ સામગ્રીનું વિતરણ કરાયુ હતું. પ્રથમ લોકડાઉન શરૂ થતાંની સાથે સામાજિક સેવા શરૂ કરી દેવાની ભેખ સાથે કાર્યરત ગુજરાત પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી નિશિતભાઈ વ્યાસ, ગાંધીનગર મહાનગરપાલિકાના વિપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા, શહેર જીલ્લા કોંગ્રેસ ઉપપ્રમુખ ઉર્પલ જોષી તથા મહામંત્રી રાકેશ જાની અને સમર્પણ મુકબધિર શાળાના સંચાલક વૈભવ જાની આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

## શહેરમાં ટીકટોક બનાવતા યુવક સહિત ૪૭ સામે જાહેરનામા ભંગનો ગુનો નોંધાયો

ગાંધીનગર, તા.૧૭

કોરોના વાયરસને લઈ લોકડાઉન સ્થિતિમાં નાગરીકો ઘરમાં પુરાઈ રહીને દિવસો પસાર કરી રહ્યા છે ત્યારે કેટલાક નાગરીકો-યુવાનો બિનજરુરી બહાર નીકળીને લોકડાઉનનો ભંગ કરતા હોય છે. ત્યારે લોકડાઉનનો ભંગ કરતા નાગરીકો સામે પોલીસ તંત્ર દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવે છે. ગાંધીનગર શહેરના સેક્ટર-૨૧ ખાતે લોકડાઉનનો ભંગ કરીને ચર્ચ પાસે ટીકટોકમાં વિડીયો બનાવી રહેલા યુવક ફીરોજ ગુલામહુસેન મિયાણા (ઉં.વ.૩૮, રહે.બ્લોક નં.૨-૪ સે-૨૧) પોલીસના હાથે પકડાઈ ગયો હતો. લોકડાઉન દરમિયાન બિનજરુરી રીતે બહાર નીકળેલા આ શખ્સ સામે પોલીસે જાહેરનામા ભંગની ફરીયાદ નોંધી હતી. બીજીતરફ કુડાસણ સ્થિત સાર્થક શ્રીજી સોસાયટીના સીસીટીવી ચેક કરીને ૬ નાગરીકો સામે ફરીયાદ નોંધાઈ છે. જેમાં ભરતભાઈ પટેલ, પ્રવિણભાઈ પટેલ, ચંદ્રકાંત પટેલ, સતિષકુમાર પટેલ, નારણભાઈ પટેલ, રોહિતકુમાર પટેલનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત ગાંધીનગર શહેરી-ગ્રામીણ વિસ્તારમાંથી આંટાફેરા મારતા અને કામ વિના બહાર બેસી રહેલા નાગરીકો પોલીસની ઝપેટમાં આવી ગયા છે. જેમાં ઈસનપુર ગામના ખુણા પાસેથી ૪, લવારપુરાના પ્રજાપતિ વાસમાંથી ૭, વલાદ જેઠીપુરા પાટીયા પાસેથી ૧, પેથાપુર વાડીવાળા વાસ પાસેથી ૨, બોરીજથી ૧, સે-૨૫ થી વાવોલના ૨ બાઈક ચાલકો, સે-૨૪ શાકમાર્કેટ પાસેથી ૩, વાવોલ ચામુંડા માતાના મંદિર પાસેથી ૪, સેક્ટર-૨૮ જીઆઈડીસી પાસેથી ૩, સરગાસણ વૃંદાવન સોસાયટી નજીકથી ૫, વાસણા હડમતીયા પાસે શ્રી રંગ પાર્ક નજીકથી ૪, વાવોલ સંગાથ લાઈફ એપાર્ટમેન્ટથી ૪ શખ્સોનો સમાવેશ થાય છે. આ તમામ શખ્સો સામે પોલીસે જાહેરનામા ભંગનો ગુનો નોંધ્યો છે.

# ગાંધીનગરના યુવાનોએ બનાવી દેશની સૌથી કિફાયતી સેનેટાઈઝિંગ ટનલ

### ઓછો વીજ વપરાશ કરતી ઓટોમેટિક સેનેટાઈઝિંગ ટનલનું સેમ્પલ સેક્ટર-૬માં પોલીસ સ્ટેશન ખાતે લગાડવામાં આવ્યું : શરીરને નુકસાન ના થાય તેવા સેનેટાઈઝરનો કરાયો ઉપયોગ

ગાંધીનગર, તા. ૧૭

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશ પર આવી પડેલી કોરોના વાયરસની કટોકટી સામે દેશના નાગરિકોને એક સાથે મળીને લડત આપવાના આહવાનને દેશના નાગરિકોએ સહર્ષ ઝીલી લીધું છે અને સૌ કોઈ આ લડતમાં પોત પોતાની રીતે યોગદાન આપી રહ્યા છે જેમાં ગાંધીનગરના નાગરિકો પણ પાછળ નથી. એક તરફ જ્યાં પાટનગરવાસીઓ લૉકડાઉનનો ચુસ્ત અમલ કરવા માટે સહકાર આપી રહ્યા છે ત્યારે બીજી તરફ શહેરના યુવાનોએ ઓટોમેટિક સેનેટાઈઝિંગ ટનલ બનાવી છે જે થોડીક સેકન્ડોમાં જ તેમાંથી પસાર થતા વ્યક્તિને સંપૂર્ણ સેનેટાઈઝ કરે છે પરંતુ કોઈ પણ જાતની આડઅસર કરતી નથી. હાલ આ સેનેટાઈઝિંગ ટનલના એક સેમ્પલને ગાંધીનગરના સેક્ટર-૬ ખાતેના સે-૭ પોલીસ સ્ટેશનના પ્રવેશદ્વારે લગાડવામાં આવ્યું છે. આ સેનેટાઈઝિંગ ટનલ ગાંધીનગરના વત્સલ જેઠવા, દિપેન પટેલ, પથિક પટેલ અને પ્રિયાંશ અડાલજાની ટીમ દ્વારા તૈયાર કરવામાં આવી છે.




ગાંધીનગરની સેક્ટર-૨૮ જીઆઈડીસીમાં કાર્યરત 'લેયર ટેક્નો' કંપની દ્વારા બનાવવામાં આવેલ સેનેટાઈઝિંગ ટનલનો ટેકનિકલ ડિપાર્ટમેન્ટ સંભાળતા વત્સલ જેઠવાએ જણાવ્યું હતું કે અત્યાર સુધી ભારતમાં જેટલી સેનેટાઈઝિંગ ટનલ બની છે તેમાં હેન્ડ સેનેટાઈઝરનો ઉપયોગ કરવામાં આવે છે પરંતુ તે બોડી સેનેટાઈઝ કરવા માટે હિતાવહ નથી કારણ કે તેના કેમિકલથી બોડીના અતિ સંવેદનશીલ ભાગોને નુકસાન પહોંચી શકે છે અથવા તો એલર્જીની પ્રોબ્લેમ થઈ શકે છે. અમારી સેનેટાઈઝિંગ ટનલમાં અમે ઈથેનોલ યુક્ત બૉડી સેનેટાઈઝિંગ માટે વપરાતું એપ્રૂવ્ડ કેમિકલનો ઉપયોગ કર્યો છે જે સમગ્ર બોડીને સેનેટાઈઝ કરવા સાથે કોઈ પણ જાતનું નુકસાન પહોંચાડતું નથી જ્યારે હેન્ડ સેનેટાઈઝરમાં સોડિયમ હાઈડ્રોક્લોરાઈડ અને હાઈડ્રોક્સાઈડનો ઉપયોગ થાય છે. આ ટનલમાંથી જ્યારે કોઈ પસાર થાય ત્યારે જ એ ટનલમાંથી માત્ર ૧૦ મિલીલીટર સેનેટાઈઝરનો સ્પ્રે થાય છે અને વ્યક્તિ પસાર થયા બાદ ઓટોમેટિક સ્પ્રે બંધ થઈ જાય છે જેના કારણે વીજળી અને સેનેટાઈઝર મટિરિયલનો પણ ઓછો ઉપયોગ થાય છે. આ સેનેટાઈઝર ટનલનો ઉપયોગ કરવામાં ઘરવપરાશના વીજળીના પંખાથી પણ અડધો વીજ વપરાશ થાય છે.

### કેવી રીતે સૂઝયો આઇડિયા?

વત્સલ જેઠવાએ જણાવ્યું હતું કે થોડા દિવસ પહેલાં જ્યારે હું પોસ્ટ ઓફિસમાં મારા કામકાજ માટે ગયો ત્યારે ત્યાં એકઠા થયેલા નાગરિકો લાઇનમાં પણ ઉભા રહેતા ન હતા તેમજ કેટલાંક નાગરિકો હેન્ડ સેનેટાઇઝરનો પણ ઉપયોગ કરતાં નહોતા એટલે મને થયું કે જો ફુલ બોડી સેનેટાઇઝ થઇ જાય તેવી ટનલ બનાવી હોય અને દરેક વ્યક્તિ તેમાંથી પસાર થઇને આવે તો ચેપ લાગવાનો કોઇ ભય ના રહે. આ વાત મેં મારી ટીમને કરી અને અને એકઠાં થઇને આ ઓટોમેટિક સેનેટાઇઝિંગ ટનલ બનાવી. અમારી ટીમમાં હું ટેકનિકલ તથા સેલ્સ વિભાગ સંભાળું છું, દિપેન પટેલ અને પથિક પટેલ મેન્યુફેક્ચરિંગ જ્યારે પ્રિયાંશ અડાલજા સેનેટાઇઝિંગ પ્રોડ્કટ અને ડિસ્પેચ સંભાળે છે.




વત્સલ જેઠવાએ જણાવ્યું હતું કે આ સેનેટાઈઝિંગ ટનલ દરેક હોસ્પિટલ બેન્ક સરકારી કચેરી પોલીસ સ્ટેશન તથા અન્ય વ્યવસાયિક કામો જ્યાં વ્યક્તિઓને વધુ પડતી અવર જવર રહેતી હોય ત્યાં લગાડી શકાય છે. અત્યારે જે સે.૬માં પોલીસ સ્ટેશન ખાતે પીઆઈ જે.એમ.સિંધવની મંજુરીથી લગાડવામાં આવી છે તે સેનેટાઈઝર ટનલ ૪૮૮ ફુટની સાઈઝની છે પરંતુ તેને જરૂરીયાત મુજબ અલગ અલગ સાઈઝમાં બનાવી શકાય છે. આ ટનલ અમે બે દિવસમાં તૈયાર કરી છે. અમે જે સેનેટાઈઝિંગ ટનલ બનાવીએ છીએ તેની કિંમત રૂ.૧૨ હજારથી શરૂ થાય છે જે ભારતમાં સૌથી કિફાયતી છે. આ સેનેટાઈઝિંગ ટનલ બનાવવામાં સેન્સર, ઈલેક્ટ્રોનિક્સ સર્કિટ, ફોગ પંપ, મોટર, પ્લાસ્ટિકની પાઈપ અને ફ્લેક્સ નો ઉપયોગ કરવામાં આવ્યો છે.